# <u>રાજકોટનાં મહે. ૩જા જયુડી.મેજી.ફ.ક. સા. (શ્રી બી.પી.ઠાકર સાહેબની કોર્ટ)</u>
# <u>રાજકોટ</u>

ફો.કે.નં.૭૨૧૬/૨૦૨૪
આંકઃ

શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃનવીન રાયાભાઈ રકુચ

ચાર્જઃઆઈ.પી.સી.કલમ–૨૮૩ મુજબ

**<u>–ઃઃચુકાદોઃઃ–</u>**

(૧) સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધું આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ.આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રુબરુ હાજર થયેલ છે. આરોપી નો ભા.ફો.અ.ની કલમ –૨૭૦ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨)ઉપરોક્ત ગુન્હા અંગે આંકઃ...... થી ગુન્હા અંગેની લેખિતમાં કબુલાત પુરસીસ આપી તથા આંકઃ......મુજબ આરોપીની પ્લી લેતા,આરોપીએ તેમનો ગુન્હો કબુલ કરી આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે.ગુન્હો તેમનો ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે,તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી,છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોક્ત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોધી પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુન્હો કબુલ કરેલ છે. તેવી કોર્ટ ખાત્રી કરેલ છે.રાજકોટ શહેરના પો.કમી.સાહેબનું જાહેરનામું અમલમાં હોય તેમ છતાં આરોપીએ જાહેરનામાનો ભંગ કરેલ છે.

આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે.આરોપી ગરીબવર્ગના વ્યક્તિ છે તથા મજુરીકામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.તથા તેઓનો આ પ્રથમ ગુન્હ છે.આમ,આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાતોને ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ,આરોપીની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપી તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છે. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા,આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તથા ટી.આર.સી.ની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનું છે.જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ::**

૧) આ કામના આરોપીને I.P.C.કલમ–૨૮૩ અન્વયે તકસીરવાન ઠરાવું છુ. અને સદર ગુના સબબ આરોપીઃ–નવીન રાયાભાઈ રકુચ ને રુ.૧૦૦/– અંકે રુપીયા એકસો પુરાનો દંડ ફરમાવવાનો હુકમ કરુ છું તથા ટી.આર.સી.ની સજા કરુ છુ. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તા.૨૨/૦૬/૨૦૨૪

(બી.પી.ઠાકર)
ત્રીજા અધિક સીવીલ જજ
અને જે.એમ.એફ.સી.
રાજકોટ